PRESSMAN
PRESS CLIPPING

Client: InterfaceFLOR

| Publication | Mumbai Samachar |
|---|---|
| Language/ Frequency | Gujarati / Daily |
| Published from | Mumbai |
| Circulation | 110,000 |
| Date | 9 March 2010 |

મુંબઈ સમાચાર

મુંબઈ, મંગળવાર, તા. ૯-૩-૨૦૧૦

# જકાતવૃદ્ધિની કાર્પેટ ઉદ્યોગ પર મામૂલી અસર

*મુંબઈ:* નાણાં પ્રધાન પ્રણવ મુખરજીએ વર્ષ ૨૦૧૦ના અંદાજપત્રમાં ટેક્સટાઈલ ઉદ્યોગને માટે ખાસ લહાણી નથી કરી પરંતુ કસ્ટમ્સ જકાતમાં થયેલા વધારાને કારણે સ્થાનિક ઉદ્યોગને રક્ષણ મળશે જ્યારે એકંદર ઉદ્યોગ પર તેની મામૂલી અસર થશે એમ ઉદ્યોગના અગ્રણીઓ જણાવે છે. તાજેતરની મંદીમાં કાર્પેટની નિકાસને મોટો ફટકો પડ્યો હોવાનું કાપડ મંત્રાલય હેઠળની કાર્પેટ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલે જણાવ્યું હતું. કાર્પેટની નિકાસ ૨૦૦૪-૦૫થી સતત ઘટી રહી છે. ઓલ ઈન્ડિયા કોપેટ મેન્યુફેક્ચરર્સ એસોસિયેશનના અધિકારીએ જણાવ્યું હતું કે તાજેતરમાં જ ત્રણ અબજ રૂપિયાના નિકાસ ઓર્ડર રદ્દ થઈ ગયા હતા. જોકે, ભારતના વિવિધ શહેરોમાં વિસ્તરણ કરી રહેલી અમેરિકન કંપની ઈન્ટરફેસ ફલોરના અધિકારીઓએ જણાવ્યું હતું કે વૈશ્વિક સુધારા સાથે હવે આ માર્કેટમાં પણ સુધારો આવી રહ્યો છે. ઉપરાંત આયાત જકાતની વધુ અસર નહીં પડશે અને ભારતની વિકસતી બજાર જોતાં ભવિષ્યમાં ભારતમાં જ ઉત્પાદન સવલત વિકસાવવાની યોજના છે. વર્ષ ૧૯૮૦માં કાર્પેટ ઉદ્યોગનું કદ આઠ અબજ રૂપિયા હતું તે હાલ વધીને રૂ. ૪૦ અબજ સુધી પહોંચ્યું છે.

જોકે, ઉદ્યોગના ખેલાડીઓ અનુસાર વૈશ્વિક મંદીને કારણે ભારતની નિકાસ ઘટી રહી છે અને આયાતની વૃદ્ધિને કારણે સ્થાનિક બજારમાં ભારતીય કંપનીઓ માટે બજાર સંકોચાઈ રહી છે. (એજન્સી) ■